તા. ૧૧/૦૫/૨૦૧૯

## ફાયનાન્સ કમિટીની બેઠકની કાર્યવાહીની નોંધ

આજ રોજ તા: ૧૧/૦૫/૨૦૧૯ના રોજ આઈ.આઈ.ટી.ઈ. ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં ફાયનાન્સ કમિટીની એક બેઠકનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચે મુજબનાં સભ્ય હાજર રહેલ.

| | | |
|---|---|---|
| ૧) | ડૉ. હર્ષદ પટેલ, કુલપતિશ્રી | અધ્યક્ષ |
| ૨) | શ્રી યમલ વ્યાસ | સભ્ય |
| ૩) | શ્રી જૈનીક વકીલ | સભ્ય |
| ૪) | ડૉ. મધુસુદન મકવાણા, રજીસ્ટ્રાર | સભ્ય |
| ૫) | ડૉ. શીતલ હૈલેયા, ચીફ એકાઉન્ટ ઓફીસર | સભ્ય |

એજન્ડા–૧: સંસ્થામાં ચાલતા બી.એસ.સી.બી.એડ., બી.એ.બી.એડ., એમ.એસ.સી.એમ.એડ., એમ.એ.એમ.એડ., એમ.એસ.સી. અને એમ.એ.ના કોર્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા હાલના ફી માળખામાં એકરૂપતા લાવવા માટે રજૂઆત કરવામાં આવેલ છે, જેને ધ્યાનમાં રાખી ફીના માળખા અંગે વિચારણા તથા નિર્ણય બાબત.

ઠરાવ–૧: આ બાબતે ચર્ચાના અંતે એમ નક્કી કરવામાં આવ્યું કે યુનિવર્સિટી ખાતે બી.એસ.સી.બી.એડ., બી.એ.બી.એડ., એમ.એસ.સી.એમ.એડ., એમ.એ.એમ.એડ., એમ.એસ.સી. અને એમ.એ.ના કોર્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસેથી લેવા પાત્ર થતી ફીનું માળખુ નીચે મુજબ રાખવું. વધુમાં આગામી ૦૩ વર્ષોમાં યુનિવર્સિટી ખાતે ચાલતા અને નવા શરૂ કરવામાં આવે એ તમામ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો માટે પણ આ ફી માળખું નક્કી કરવામાં આવ્યું. આ તમામ ફી માળખાનો આગામી સત્રથી અમલ કરવો.

<u>બી.એસ.સી.બી.એડ., બી.એ.બી.એડ. માટે સેમેસ્ટર દીઠ ફી</u>

| વિગત | રકમ ₹. | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૮માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે | વર્ષ ૨૦૧૬માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે |
| ટ્યૂશન ફી | ૧૫,૦૦૦ | ૧૫,૦૦૦ |
| લેબોરેટરી ફી | ૫૦૦ | - |
| સ્ટેશનરી/મટિરિયલ ફી | ૫૦૦ | ૫૦૦ |
| લાઇબ્રેરી ફી | ૫૦૦ | - |
| કલ્ચરલ ફી | ૫૦૦ | - |
| સ્પોર્ટ્સ ફી | ૫૦૦ | - |



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| EPC ફી | ૨,૦૦૦ | - |
| કુલ | ૧૯,૫૦૦ | ૧૫,૫૦૦ |

વધુમાં હાલના સમયમાં લેવાતી સ્કીલ કોર્સની ફીને ધ્યાનમાં લઈ ફી માળખામાં એકસૂત્રતા જળવાય તે હેતુથી બી.એસ.સી.બી.એડ., બી.એ.બી.એડ.ના વર્ષ ૨૦૧૬માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટેની ટ્યૂશન ફી અને સ્ટેશનરી/મટિરિયલ ફી સિવાય તમામ અન્ય ફી નહી લેવી એમ ઠરાવવામાં આવ્યુ. ઉપરોક્ત ફી માત્ર હાલ ચાલુ વર્ષે યુનિવર્સિટીમાં બી.એસ.સી.બી.એડ., બી.એ.બી.એડ.ના સેમેસ્ટર ૩ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાથીઓ પૂરતી મર્યાદિત રહેશે.

**શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૧-૨૨ સુધી તમામ સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થી માટે તમામ સેમેસ્ટર માટે સેમેસ્ટર દીઠ ફી**

| વિગત | રકમ ₹. |
|---|---|
| ટ્યૂશન ફી | ૧૭,૫૦૦ |
| લેબોરેટરી ફી | ૫૦૦ |
| સ્ટેશનરી / મટિરિયલ ફી | ૫૦૦ |
| લાઇબ્રેરી ફી | ૫૦૦ |
| કલ્ચરલ ફી | ૫૦૦ |
| સ્પોર્ટ્સ ફી | ૫૦૦ |
| EPC ફી | ૨,૦૦૦ |
| કુલ | ૨૨,૦૦૦ |

હાલ એમ.એસ.સી.એમ.એડ./એમ.એ.એમ.એડ. કોર્સના સેમેસ્ટર ૩, ૪, ૫ અને ૬માં અને એમ.એસ.સી. તથા એમ.એ. કોર્સના સેમેસ્ટર ૩ અને ૪માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની રજૂઆતને ધ્યાનમાં રાખી તેમની ફીમાં નીચે મુજબનો ફેરફાર કરવાનું ફાયનાન્સ કમિટી દ્વારા નકકી કરવામાં આવ્યુ. વધુમાં વિદ્યાર્થીઓની ફી બાબતમાં રજૂઆતને ધ્યાનમાં રાખીને એમ.એસ.સી.એમ.એડ. (Maths.), એમ.એ.એમ.એડ. કોર્સના સેમેસ્ટર ૩, ૪, ૫ અને ૬માં અભ્યાસ કરતા તથા એમ.એસ.સી. (Maths.) અને એમ.એ. કોર્સના સેમેસ્ટર ૩ અને ૪માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી માટે ટ્યૂશન ફી અને સ્ટેશનરી/મટિરિયલ ફી સિવાય બાકીની તમામ અન્ય ફી નહી લેવી એમ ઠરાવવામાં આવ્યુ. આ ફી માત્ર હાલ યુનિવર્સિટીમાં એમ.એસ.સી.એમ.એડ., એમ.એ.એમ.એડ., એમ.એસ.સી. અને એમ.એ.ના કોર્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જ લાગુ પડશે.



Scanned with CamScanner

(251)

એમ.એસ.સી./એમ.એ.એમ.એડ., એમ.એસ.સી. અને એમ.એ. કોર્સ માટે સેમેસ્ટર દીઠ ફી

| વિગત | રકમ ₹. | |
|---|---|---|
| | એમ.એસ.સી.એમ.એડ. (Phy., Chem., Bot.)માં વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૮માં અને એમ.એસ.સી. (Phy., Chem., Bot.) માં વર્ષ ૨૦૧૮માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે | એમ.એસ.સી.એમ.એડ. (Maths.), એમ.એ.એમ.એડ.માં વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૮માં તથા એમ.એસ.સી. (Maths.), એમ.એ.માં વર્ષ ૨૦૧૮માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે |
| ટ્યૂશન ફી | ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| લેબોરેટરી ફી | 3000 | - |
| સ્ટેશનરી/મટિરિયલ ફી | ૫૦૦ | ૫૦૦ |
| લાઇબ્રેરી ફી | ૧૫૦૦ | - |
| કલ્ચરલ ફી | ૫૦૦ | - |
| સ્પોર્ટ્સ ફી | ૫૦૦ | - |
| FR ફી | ૧૦૦૦ | - |
| **કુલ** | **૨૭,૦૦૦** | **૨૦,૫૦૦** |

શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૧-૨૨ સુધી યુનિવર્સિટી ખાતે ચાલતા અને નવા શરૂ કરવામાં આવે એ તમામ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ પામનાર વિધાર્થી માટે તમામ સેમેસ્ટર માટે નીચે મુજબનું ફીનું માળખુ મંજૂર કરવામાં આવ્યુ.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૧-૨૨ સુધી તમામ અનુસ્નાતક અભ્યાસક્રમો માટે તમામ સેમેસ્ટર માટે સેમેસ્ટર દીઠ ફી

| વિગત | રકમ ₹. | |
|---|---|---|
| | એમ.એસ.સી.એમ.એડ. (Phy., Chem., Bot., Zoology) | એમ.એસ.સી.એમ.એડ. (Maths.), એમ.એ.એમ.એડ., બી.એડ.એમ.એડ. અને એમ.એડ. |
| ટ્યૂશન ફી | ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| લેબોરેટરી ફી | 3000 | ૧૦૦૦ |
| સ્ટેશનરી/મટિરિયલ ફી | ૫૦૦ | ૫૦૦ |
| લાઇબ્રેરી ફી | ૧૫૦૦ | ૧૫૦૦ |
| કલ્ચરલ ફી | ૫૦૦ | ૫૦૦ |
| સ્પોર્ટ્સ ફી | ૫૦૦ | ૫૦૦ |



Scanned with CamScanner

| | | |
|---|---|---|
| FR ફી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| કુલ | ૨૭,૦૦૦ | ૨૫,૦૦૦ |

એજન્ડા-૨: શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી એમ.ફિલ. તથા પી.એચ.ડી. કોર્સની ફી નિર્ધારિત કરવા બાબત.

ઠરાવ-૨: શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૧-૨૨ સુધી એમ.ફિલ. તથા પી.એચ.ડી. કોર્સ માટે નીચે દર્શાવેલ મુજબ ફીના માળખાની મંજૂરી આપવામાં આવે છે. આ ફી માળખાનો આગામી સત્રથી અમલ કરવો તથા આ ફી માટે ગુજરાત રાજ્ય સરકારની માન્યતા હેતુ દરખાસ્ત મોકલવી એમ ઠરાવવામાં આવ્યુ.

<u>શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૧-૨૨ સુધી એમ.ફીલ. તથા પી.એચ.ડી. કોર્સ માટે સેમેસ્ટર દીઠ ફી</u>

| વિગત | રકમ ₹. |
|---|---|
| ટ્યૂશન ફી | ૧૦,૦૦૦ |
| સ્ટેશનરી / મટિરિયલ ફી | ૫૦૦ |
| લાઇબ્રેરી ફી | ૧૫૦૦ |
| કુલ | ૧૨૦૦૦ |

એજન્ડા-3: શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી હોસ્ટેલ સુવિધા માટે ફી નિર્ધારિત કરવા બાબત.

ઠરાવ-3: શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી તમામ કોર્સમાં હોસ્ટેલ સુવિધા માટે નીચે મુજબની સેમેસ્ટર દીઠ ફી નિર્ધારિત કરવામાં આવી.

| વિગત | રકમ ₹. |
|---|---|
| હોસ્ટેલ ચાર્જ | ૫૦૦ |
| મેસ ચાર્જ | ૧૨,૫૦૦ |
| કુલ | ૧૩,૦૦૦ |

એજન્ડા-૪: નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબત માટેના બજેટની બહાલી અંગે.

ઠરાવ-૪: ફાયનાન્સ કમિટી સમક્ષ રજૂ થયેલ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબત માટેના બજેટને ફાયનાન્સ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવ્યુ.

ડૉ. મધુસુદન મકવાણા

ડૉ. શીતલ હૈલેયા

શ્રી યમલ વ્યાસ

શ્રી જૈનીક વકીલ

ડૉ. હર્ષદ પટેલ



Scanned with CamScanner